# ઋતુજન્ય રોગચાળો બેકાબુ: સરડોઈ પંથકમાં તાવનો વાયરો

## ખાનગી દવાખાનાં દર્દીઓથી ઉભરાયાં

સરડોઈ, તા.૧૦

વરસાદની ખેંચ વચ્ચે ઋતુજન્ય રોગચાળો બેકાબુ બન્યો છે. મોડાસા તાલુકાના સરડોઈ પંથકના રખિયાલ, દાવલી, નવા, બોલુન્દ્રા, ગઢડા, શામપુર, દાવલી સહિતના વિસ્તારોમાં તાવનો વાયરો ફૂંકાયો તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં મેલેરીયા, ડેન્ગ્યુ સહિતનો મચ્છરજન્ય રોગચાળો અંકુશમાં હોવાના દાવા થઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગંદકી તેમજ મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી ગયા પછી તાવનો વાયરો ફૂંકાયો છે. ખાનગી દવાખાનાંમાં તાવથી પીડીત




દર્દીઓની સંખ્યામાં ઉછાળો થતો જાય છે. તાલુકાના સરડોઈ પંથકના ગામડાઓમાં હમણાંથી પ્રજામાં ઋતુજન્ય રોગચાળો વધુ જોવા મળી રહ્યો છે. અસંખ્ય લોકો શરદી, ઉધરસ, તાવ સહિતથી પીડાવવા લાગ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો શંકાસ્પદ મેલેરીયાના લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા ખાનગી દવાખાનાઓમાં વધુ જોવા મળી રહી હોય તેમ ઘેર..ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે. ખાનગી દવાખાના શરદી, તાવ, ઉધરસ સહિતના લક્ષણોથી પીડાતા દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી પ્રેક્ટીસ કરતા ડીગ્રી વગરના મુન્નાભાઈ છાપ ડાંક્ટરોને પણ સીઝનમાં કમાણીનો તડાકો પડ્યો છે. મચ્છર તેમજ પાણીજન્ય રોગચાળો આગામી સમયમાં આરોગ્ય તંત્રની મુશ્કેલી વધારશે છે. ગામડાઓમાં સાફસફાઈ અને વરસાદી પાણીના નિકાલનો અભાવ અદ્ધરતાલ રહ્યો છે જેના કારણે ઋતુજન્ય બિમારીઓએ માથું ઉંચક્યું છે. મચ્છરોની ઉત્પત્તિ નાથવા માટે થતી કામગીરી માત્ર ચોક્કસ વિસ્તારો પૂરતી સિમિત રહી જતાં આગામી સમયમાં વાયરલ બિમારીઓ આરોગ્ય તંત્ર માટે પડકાર રૂપ બને તેમ છે.

# ઈડરીયો ગઢ બચાવવા જનઆંદોલન, આવતીકાલે ઈડર બંધનું એલાન

હિંમતનગર / ઈડર (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠાની ઓળખ બનેલો ઈડરીયો ગઢ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે જઝૂમી રહ્યો છે. ખિસ્સાં ભરતા અધિકારીઓને વિરાસતનો જાળવવામાં ઝાઝો રસ નથી. જેથી સ્થાનિક પ્રજા અપના હાથ જગન્નાથની જેમ ફરી એકવાર ઈડરીયો ગઢ બચાવવા જનઆંદોલનનો મોરચો માંડ્યો છે. આવતી કાલ તા.૧૨ ઑગષ્ટ, ગુરૂવારે ઈડર બંધનું એલાન અપાતાં ઈડરીયાગઢને ધરાશાયી કરવામાં સામેલ તંત્રના અધિકારીઓ હચમચી ઉઠ્યા છે.



લગ્નના અવસરમાં અમે ઈડરીયોગઢ જીત્યા રે, આનંદ ભયો..ના લગ્નગીત બહુ પ્રચલિત છે. પરંતુ વર્તમાન શાસકોએ ઈડરીયાગઢનું નામુનિશાન મટી જાય તે હદે ગઢની આસપાસ ખનને પરવાનો આપ્યો છે. છેલ્લા ૩ વર્ષથી ઈડરીયોગઢ બચાવવા માટે આંદોલન ચાલુ રહ્યું છે પરંતુ નઘરોળ તંત્ર માલેતૂજારોના ખોળામાં બેઠા જેવી સ્થિતિ છે. કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે. નાના-મોટા મેળાવડાની છૂટ મળી છે ત્યારે ફરીથી પ્રકૃતિ પ્રેમીઓએ ઈડરીયોગઢ બચાવવા માટે આંદોલનને ફરીથી ગતિ આપવાનો પ્રયાસ શરૂ કર્યો છે. ઈડર શહેરમાં જય ઈડર ગઢના સૂત્ર સાથે ફરતી થયેલી પત્રિકામાં સ્વયં શાંતિપૂર્ણ સંપૂર્ણ ઈડર બંધનું તા.૧૨ ઑગષ્ટે આહવાન કરવામાં આવ્યું છે અને પત્રિકામાં જણાવાયું છે કે આપણી અસ્મિતા ગૌરવ અને ઓળખ એવા ઈડર ગઢની ખનનની પરવાનગી સરકારે આપી છે. ગઢ બચાવો..ગઢ બચાવો આંદોલન ખનનનો અટકાવવા માટે પૂરતા તમામ પ્રયત્નો કર્યા પરંતુ પરિણામ શૂન્ય રહ્યું છે. લોકશાહીમાં પ્રજા શક્તિ સર્વોપરી છે. મોટા મોટા શાસનોને પણ પ્રજા શક્તિની રજૂઆત સાંભળવી પડી છે. આ ઘડી એ નિર્ણાયક વેળા છે. આપ સૌની આપના ધંધા-રોજગાર ૧૨ ઑગષ્ટે બંધ રાખી ગાંધી ચિંધ્યા માર્ગે સરકારને ઈડર ગઢ બચાવવા અંગેનો મજબૂત અવાજ હિંમતથી પહોંચાડવા અનુરોધ કર્યો છે.

# જિલ્લામાં શ્રાવણના પ્રારંભ સાથે કૃત્રિમ રીતે ફળો પકવવાનો કારોબાર

## ભાવ વધારા સાથે પ્રજાના આરોગ્ય સાથે ચેડાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

પવિત્ર શ્રાવણ માસના આરંભ સાથે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફળના ભાવમાં બમણો વધારો થયો તેની સાથે માંગને પહોંચી વળવા ફળના વેપારીઓ કૃત્રિમ રીતે ફળો પકવવાનો કારોબાર કરી રહ્યા છે. પ્રજા ઉપવાસ રાખી ફળ આરોગે છે પરંતુ કાર્બેટ સહિતના હાનિકારક દ્રવ્યોથી કેળાં સહિતના ફળો પકવવામાં આવતાં પ્રજાનું આરોગ્ય તહેવારોમાં જોખમાઈ શકે છે. બંન્ને જિલ્લામાં શ્રાવણના તહેવારો દરમ્યાન ફળની માંગ પૂરી કરવા માટે અકુદરતી રીતે ફળો પકવી પ્રજાને પધરાવાય છે. તહેવારોની સીઝનમાં દર વર્ષે ફળના ભાવ ઉંચકાતા હોય છે. મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ હોય કે પછી હિન્દુ સંસ્કૃતિના શ્રાવણ સહિતના અન્ય તહેવારોમાં ઉપવાસીઓ ફળનો વધુ ઉપયોગ કરતા હોય છે. જેથી અન્ય દિવસો કરતાં તહેવાર સમયે ફળની માંગ વધુ રહેતી હોય છે. જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી અકુદરતી રીતે ફળો પકવવામાં આવી રહ્યાં છે. જવાબદાર તંત્ર પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતાં હોવા છતાં માત્ર દેખાડારૂપ કામગીરી કરી રહ્યું છે. હાલ શ્રાવણ માસના આરંભ સાથે બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં ફળ બજારમાં તેજી આવી પરંતુ વરસાદની ખેંચમાં ફળની આવક ઓછી હોવાથી હોલસેલ વેપારીઓ કાચા ફળો મંગાવી રહ્યા છે. ગોડાઉનોમાં બરફ, કાર્બેટ તેમજ અન્ય જોખમી કેમીકલથી ફળો પકવી પ્રજાને પધરાવી રહ્યા છે.

# બાયડ નગરપાલિકામાં ઈન્ડીયન રેડક્રોસ દ્વારા માસ્કનું વિતરણ

## પાલિકાના વહીવટી તેમજ સફાઈ સ્ટાફને માસ્ક અપાયા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બાયડ તાલુકા દ્વારા બાયડ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓ અને સફાઈ સ્ટાફને માસ્ક વિતરણનો કાર્યક્રમ મંગળવારે પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોની, રેડક્રોસ સોસાયટી બાયડના શાખા પ્રમુખ દેવચંદભાઈ પરમાર સહિત હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. કોરોનાનું સંક્રમણ ટાળવા માટે માસ્ક ફરજીયાત અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તંત્ર, આરોગ્ય વિભાગ અને એન.જી.ઓ. સંસ્થાઓ કાર્યરત છે ત્યારે ઈન્ડીયન રેડક્રોસ બાયડ તાલુકા શાખા દ્વારા કર્મચારીઓને માસ્કનું વિતરણ કરાયું ત્યારે કોર્પોરેટર અશોકભાઈ એલ. પટેલ, હર્ષદભાઈ પટેલ, રેડક્રોસ શાખાના હોદ્દેદાર ડૉ.બી.પી.ચૌધરી, કુમુદભાઈ ભાવસાર સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા, અરવલ્લીમાં વધતી વરસાદની ઘટથી ખેડૂતોની ચિંતા વધી

## અરવલ્લીમાં ૧૦ ટકા, સાબરકાંઠામાં ૫ ટકા વરસાદની ઘટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

જિલ્લામાં વરસાદ ખેંચાયો છે. વરસાદની ઘટથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૩ લાખથી વધુ ખેડૂતોમાં ચિંતા વધી છે. અરવલ્લીમાં ૧૦ ટકા અને સાબરકાંઠામાં ૫ ટકા વરસાદની ઘટના કારણે બિયારણ નિષ્ફળ જવાનો ભય ઉભો થયો છે.

સમગ્ર ઉત્તર ગુજરાતમાં હરિયાળી છવાઈ છે. પરંતુ એ સાથે જ વરસાદે વિરામ લઈ લેતાં વહીવટી તંત્ર અને ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જળાશયોનાં તળીયાં દેખાઈ રહ્યાં છે આવનારા દિવસોમાં ધોધમાર વરસાદ ન વરસે તો ખેતી અને પાણીનું ચિત્ર નબળું પૂરવાર થઈ શકે છે. જિલ્લામાં શ્રાવણ મહિનામાં ધોધમાર વરસાદની અપેક્ષા વચ્ચે લમણા શેકતી ગરમી અનુભવાય છે. જાણે કે ભાદરવો શરૂ થયો હોય તે રીતે આકરો તાપ કુમળી ખેતીને દઝાડી રહ્યો છે. તાઉતે વાવાઝોડાએ સમગ્ર ચોમાસાની સીસ્ટમને નબળી પાડી હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. આ સંજોગોમાં આગામી ૨૦ ઑગષ્ટ સુધી વરસાદની કોઈ સંભાવના ન હોવાનું જણાતાં ખેડૂતોનું સાતમ-આઠમનું પર્વ બગડ્યા જેવી સ્થિતિ છે. જિલ્લાના અરવલ્લીમાં ગત વર્ષે ૧૦ ઑગષ્ટ પહેલાં ૨૨.૪૦ ટકા વરસાદ વરસ્યો છે જે ગત વર્ષ કરતાં ૧૦ ટકા ઓછો છે. સાબરકાંઠામાં ૨૯.૯૩ ટકા વરસાદ વરસ્યો છે જે ગત વર્ષ કરતાં ૪.૬ ટકા ઘટ છે. પરંતુ ગત વર્ષે વરસાદની ઘટ છતાં આકરો તાપ પડતો ન હતો. આ વર્ષે આકરા તાપના કારણે ખેતી બળી જાય તેવી સ્થિતિ સર્વત્ર પેદા થઈ છે.

# બનાસકાંઠામાં શ્રાવણ માસના પ્રથમ દિવસે શિવાલયો ભક્તોથી ઉભરાયા

## શિવ મંદિરોમાં ભક્તોએ શિવલિંગ પર બિલીપત્ર,દૂધ,જળ અને મધનો અભિષેક કર્યો



પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠામાં શ્રાવણ માસના પ્રથમ દિવસે શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.અને ભક્તોએ શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

હિન્દુ ધર્મમાં શ્રાવણ માસનો અનેરો મહીમા છે.શ્રાવણ માસના પ્રથમ દિવસથી શિવ ભક્તો શિવજીની આરાધનામાં લાગી જતા હોય છે.અને શ્રાવણ માસ દરમીયાન શિવ મંદિરોમાં જઈ શિવજીને બિલીપત્ર,ફૂલ,દૂધ,જળ અને મધનો અભિષેક કરતા હોય છે.તેમજ કેટલાક ભક્તો સમગ્ર શ્રાવણ માસ એક ટાઈમ ભોજન કરી સવાર-સાંજ શિવજીની પૂજા કરતા હોય છે.અને શ્રાવણ માસના ચાર સોમવારના દિવસે શિવ મંદિરોમાં મેળો ભરાતો હોય છે.અને દૂર-દૂરથી ભાવિક ભક્તો શિવજીના મંદિરે દર્શન કરવા આવતા હોય છે.તેજરીતે શ્રાવણ માસનો પ્રારંભ સોમવારે થયો હતો.જેના કારણે શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી મળી હતી.જેમાં પાલનપુર ખાતે આવેલ ઐતિહાસીક પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી શિવ ભક્તો શિવજીના દર્શન કરવા આવ્યા હતા.અને શિવલિંગ પર બિલીપત્ર, ફૂલ,જળ,દૂધ,મધનો જળાભિષે કરી શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.પાતાળેશ્વર મહાદેવ મંદિરના પૂજારી જગદીશભાઈ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે પાલનપુર કિર્તિસ્થંભ વિસ્તારમાં હિન્દુ સમાજ સંચાલિત પાતાળેશ્વર મહાદેવ નુ મંદિર આવેલુ છે.કોરોનાની મહામારી બાદ ઘણા સમય બાદ આ વખતે ભક્તોને શ્રાવણ માસમાં શિવજીની પૂજા કરવા મળી છે.ભક્તો સવારથી અવીરત ચાલુ છે.અને શાંતિથી કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરી શિવજીની પૂજા કરી રહયા છે.તેમજ પાલનપુર તાલુકાના બાલારામ,ગંગેશ્વર સહીતના શિવ મંદિરોમાં ભક્તોએ શિવજીની પૂજા કરી ધન્યતા અનુભવી હતી.



**પાતાળેશ્વર મંદિર પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહનું જન્મ સ્થળ છે. જગદીશભાઈ ત્રિવેદી,પાતાળેશ્વર મંદિરના પૂજારી**

મીનળદેવી જ્યારે અહીં રોકાયા હતા.ત્યારે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહનો જન્મ થયો હતો.તેની ખુશીમાં વાવ ખોદાવવામાં આવી હતી.જેમાંથી શિવલીંગ નીકળતા ત્યાં મંદિર બનાવવામાં આવ્યુ હતુ.જે પાતાળેશ્વરના નામથી જાણીતુ છે.તેમજ પાતાળેશ્વર મંદિર સિધ્ધરાજ જયસિંહના જન્મસ્થળથી પણ જાણીતુ છે.આ મંદિરે ભક્તો દૂર-દૂરથી આવે છે.અને માનતા માને છે.જેમની માનતા ભગવાન શિવજી પુરી કરે છે.

# ફતેપુરા નજીક વાત્રક નદીમાં ડૂબી જતાં યુવકનું મોત, ૨ દિવસથી ગુમ યુવાનનો મૃતદેહ મળ્યો

## બાયડ તાલુકાનો બનાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

બાયડ તાલુકાના ફતેપુરાની સીમમાંથી પસાર થતી વાત્રક નદીમાં ઝાંખરીયા ગામનો નીતિન અમૃતભાઈ પરમાર ડૂબી જતાં મોત નિપજ્યું છે. ગત રોજ નદીના પટમાંથી ૨૨ વર્ષિય યુવકનો મૃતદેહ મળી આવતાં પરમાર પરિવારમાં શોક છવાયો છે. બનાવ અંગે આંબલિયારા પોલીસે એડી નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. છેલ્લા કેટલાક સમયથી નદી તેમજ ચેકડેમ વિસ્તારોમાંથી યુવકોના મૃતદેહ મળી આવવાનો સિલસિલો આગળ વધી રહ્યો છે. અજાણ્યા મૃતદેહોની તપાસમાં પોલીસ હવામાં બાચકાં ભરી રહી છે ત્યાં નદીના પાણીમાંથી યુવકના ડૂબી જવાના કારણે મોતના કિસ્સા વધતાં તરેહ તરેહની ચર્ચાઓ જાગી છે. તાલુકાના ઝાંખરીયા ગામનો નીતિન પરમાર તા.૯ના રોજ ફતેપુરા ગામની સીમમાંથી પસાર થતી વાત્રક નદીના પટમાં પહોંચ્યો હતો. જ્યાં શંકાસ્પદ રીતે બીજા દિવસે તેનો મૃતદેહ નદી વિસ્તારમાંથી મળી આવ્યો હતો. યુવક નદીના પાણીમાં ડૂબીને મોતને ભેટ્યો છે કે પછી કોઈએ તેની ઠંડા કલેજે હત્યા કરી લાશ પટ વિસ્તારમાં ફેંકી તો નથી દીધીને..?? વગેરે સવાલો પોલીસ માટે તપાસનો વિષય બન્યા છે. જો કે પ્રાથમિક તપાસમાં મૃતક નદીના પાણીમાં ડૂબી ગયા પછી લાશ પટ વિસ્તારમાં ખેંચાઈ આવી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. બનાવ અંગે અમૃત હીરાભાઈ પરમારની જાણના આધારે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જીલ્લાના ૬૭૫ ગામોમાંથી ૨૮૪ ગામોને ઘરજોડાણ હેઠળ આવરી લેવાયા



બાયડ તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની પ્રજાને શુદ્ધ પાણી મળી રહે તે સારૂ થઈને સરકાર દ્વારા ''નલ સે જલ યોજના''નું અમલી કરણ કરાયું. જેમાં છેવાડાના માનવી સુધી પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરાઈ છે.

જે અંતર્ગત અરવલ્લીા જિલ્લા સેવા સદન ખાતે કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં જીલ્લા જળ અને સ્વચ્છતા સમીતિની બેઠક યોજાઈ હતી.

**જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જીલ્લા 'જળ અને સ્વચ્છતા એકમ' સમીતિની બેઠક યોજાઈ : જીલ્લામાં ૧,૧૮,૮૪૭ ઘરોમાંથી ૮૯,૦૫૪ ઘરોને નળ કનેકશન અપાયા**

અરવલ્લી જીલ્લાના બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ તથા મોડાસાના ૧૦૦ ટકા ઘરજોડાણ થયેલ ૬૭૫ ગામોમાંથી ૨૮૪ ગામોના ૨,૯૦,૭૭૮ ઘરોમાંથી ૮૯,૦૫૪ ઘરોને ઘરજોડાણ હેઠળ આવરી લેવાયા.

જીલ્લામાં નળ કનેકશન હેઠળ ૧,૧૮,૮૪૭ ઘરોમાં નળ કનેક્શન હયાત છે તથા ૮૨,૮૭૭ ઘરોમાં નળ કનેક્શન બાકી રહેલ છે. આ યોજના હેઠળ ૨૫૯ ગામોના ૪૩,૩૭૧ કામો પ્રગતિમાં છે. જીલ્લાના ટેન્ડર હેઠળના ૩૯ ગામોના ૬૮૧૭ ઘરોને ઘરજોડાણ માટે મંજૂરી મળેલ છે.

અત્યાર સુધીમાં ૩૭ ગામોના ૯૮૫૨ ઓનલાઈન ટેન્ડર કરેલ છે. મંજુર થયેલ યોજનાની ટેન્ડર હેઠળ ૨૯ ગામના ૧૨,૭૮૭ ઘર જોડાણ બાકી રહેલ છે. ''નલ સે જલ યોજના'' અંતર્ગત ૨૦૨૨ સુધીમાં ૮૨,૮૭૭ ઘરોને ઘરજોડાણ હેઠળ આવરી લેવાનું આયોજન હાથ ધરાયું. બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, પાણી પુરવઠાના અધિકારીશ્રી, નિયામકશ્રી ગ્રામ વિકાસ એજન્સી વિભાગનાના અધિકારીશ્રી સહિત સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા હંગામી ડેપોમાં વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે મહિલા ઝડપાઈ

## એસ.ટી. બસમાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં ટાઉન પોલીસે રાજસ્થાનની મહિલા પાસેના પ્લાસ્ટીકના થેલામાંથી ૧૧ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે રૂા.૨૦,૪૦૦ની કિંમતના વિદેશી દારૂ સંદર્ભે મહિલાની અટકાયત કરી ગુનો નોંધ્યો છે. છેલ્લા કેટલાક સમયથી હંગામી એસ.ટી. ડેપોમાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી વધી છે. પોલીસ ભાગ્યે જ ડેપોમાં ફરકતી હોવાથી ચોક્કસ રૂટની એસ.ટી. બસોમાં દારૂ સપ્લાય થઈ રહ્યો છે.




હંગામી એસ.ટી. ડેપો શરૂ થયો ત્યારથી કોઈને કોઈ મુદ્દે ચર્ચામાં રહ્યો છે. સહકારી જીનમાં તમામ રૂટની એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવે છે પરંતુ કેટલાક નિવૃત્ત થયેલા એસ.ટી.ના અધિકારીઓ હજુ પણ ડેપોના વહીવટમાં ચાંચ મારતા હોય તેવા આક્ષેપ થઈ રહ્યા છે. જ્યારે કેટલાક તો ડ્રાઈવર-કંડકટરો પાસે રાજસ્થાનમાંથી વિદેશી દારૂની બોટલો મંગાવતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે ત્યાં તા.૯ના રોજ મોડાસા ટાઉન પોલીસે એસ.ટી. ડેપોમાંથી રાજસ્થાનની સવિતાબેન સતિષભાઈ ડામોરને પૂછપરછ કરી પ્લાસ્ટીકના થેલામાં શંકાસ્પદ વસ્તુ જણાતાં તલાશી લીધી હતી જેમાં વિદેશી દારૂની બોટલો મળી આવતાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ અગાઉ હંગામી એસ.ટી. ડેપોમાં શંકાસ્પદ માંસના જથ્થા સાથે અમદાવાદની મહિલા ઝડપાઈ હતી અને હવે દારૂની હેરાફેરી પણ પૂરજોશમાં શરૂ થઈ છે.